Extra No. 203

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LIX] SATURDAY, AUGUST 4, 2018/SRAVANA 13, 1940

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગસ્ટ, ૨૦૧૮.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ-નું તારીખ : ૧૯મી જૂન, ૨૦૧૮નું** જાહેરનામું ક્રમાંક : **જીએચકેએચ/૧૨/૨૦૧૮/એમકેએમ/૧૦૨૦૧૪/૬૯૭૮૯૦/છ.** –નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**

સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**Head Master/Principal, Class lll, in the Schools for the Physically Handicapped, Recruitment Rules, 2018.**

**શારીરિક વિકલાંગ માટેની શાળાઓમાં, મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ૩, ભરતી નિયમો, ૨૦૧૮ સંબંધી**

**જાહેરનામું**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જૂન, ૨૦૧૮.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક.જીએચકેએચ/૧૨/૨૦૧૮/એમકેએમ/૧૦૨૦૧૪/૬૯૭૮૯૦/છ**:-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, શારીરિક વિકલાંગ માટેની શાળાઓમાં, મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો શારીરિક વિકલાંગ માટેની શાળાઓમાં, મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ ૩,ભરતી નિયમો, ૨૦૧૮ કહેવાશે.

૨. સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, શારીરિક વિકલાંગ માટેની શાળાઓમાં, મુખ્ય શિક્ષક/આચાર્ય, વર્ગ ૩-ની જગા પરની નિમણૂક, જેણે,-

(ક) (૧) સમાજ સુરક્ષા નિયામકની કચેરી-ની તાબાની સેવામાં, મદદનીશ શિક્ષક, વર્ગ ૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય, તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપરના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપરના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,

(ક) ૪૨ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;અને

(૨) (ક) અંધ બાળકો માટેની શાળા માટે,

ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલીબીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી એજયુકેશન(દ્રષ્ટિવિષયક અશક્તતા)માં મેળવેલી સ્પેશ્યલ (ખાસ) સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે અથવા ભારત પુનર્વસવાટ પરિષદ (Rehabilitation Council of India)–એ માન્ય કરેલી સંસ્થામાંથી મેળવેલ સ્પેશ્યલ એજ્યુકેશન (દ્રષ્ટિવિષયક અશક્તતા)માં ડિપ્લોમા ધરાવતો હોવો જોઇશે.

(ખ) બહેરા અને મૂંગાની શાળા માટે,

ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી એજયુકેશન(શ્રવણશક્તિની અશક્તતા) પદવીમાં મેળવેલી સ્પેશ્યલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે અથવા ભારત પુનર્વસવાટ પરિષદ (Rehabilitation Council of India)–એ માન્ય કરેલી સંસ્થામાંથી મેળવેલ સ્પેશ્યલ એજ્યુકેશન (શ્રવણશક્તિની અશક્તતા)માં ડિપ્લોમા ધરાવતો હોવો જોઇશે.

(ગ) મંદબુદ્ધિના બાળકો માટેનું ગૃહ,–

ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી એજયુકેશન(શ્રવણશક્તિની અશક્તતા) પદવીમાં મેળવેલી સ્પેશ્યલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે અથવા ભારત પુનર્વસવાટ પરિષદ (Rehabilitation Council of India)–એ માન્ય કરેલી સંસ્થામાંથી મેળવેલ સ્પેશ્યલ એજ્યુકેશન (શ્રવણશક્તિની અશક્તતા)માં ડિપ્લોમા ધરાવતો હોવો જોઇશે.

(ઘ) અપંગ બાળકો માટેનું ગૃહ,–

ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી

અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી એજયુકેશન પદવીમાં મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે.

(ગ) (૧) સમાજ સુરક્ષા નિયામકની કચેરીની તાબાની સેવામાં, વિકલાંગોની શાળાઓમાં, મદદનીશ શિક્ષક, વર્ગ–૩ ની જગા પર આશરે પાંચ વર્ષનો અનુભવ હોવો જોઇશે; અથવા

(૨) સરકાર દ્વારા માન્ય વિકલાંગોની શાળાઓમાં આશરે પાંચ વર્ષનો અધ્યાપનનો અનુભવ હોવો જોઇશે.

(૩) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(૪) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક–ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલ નિયમ અનુસાર ખાતાકીય પરીક્ષા પાસ કરવી પડશે.

૬. ઉમેદવારે, ભારત પુનર્વસવાટ પરિષદમાં પોતાની નોંધણી કરાવેલ ન હોય, તો સીધી પસંદગી માટેની પોતાની અરજી વખતે, તેણે પોતાના નામની નોંધણી કરાવવાની રહેશે.

૭. સીધી પંસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવાં નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**જી. બી. વણઝારા,**
સરકારના ઉપ સચિવ.

-----------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.